# હવે, ૧૮૨ બેઠકનું લક્ષ્ય : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૫ સીએમ ભૂપેન્દ્ર પટેલના શાસનમાં યોજાયેલી સૌ પહેલી મહાનગરપાલિકા ચૂંટણીમાં ભાજપને જંગી વિજય પ્રાપ્ત થયો છે. ગાંધીનગરમાં પક્ષને મળેલી ઐતિહાસિક જીત પર પોતાની પ્રતિક્રિયા આપતા સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં ભાજપને ૪૪માંથી ૪૧ બેઠક મળી છે, પરંતુ વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો જીતવાના ટાર્ગેટ સાથે ચાલવાનું છે. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ભાજપમાં સંગઠન અને ચૂંટાયેલી પાંખ તાલમેલથી કામ કરે છે. તેમણે કહ્યું હતું કે આખા દેશમાં ભાજપનું શાસન હશે તો પણ કાર્યકર્તાઓએ જનતા વચ્ચે રહીને કામ કરવું પડશે. સીએમે ગાંધીનગરની જવાબદારી જેમને સોંપવામાં આવી હતી તેવા પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને અભિનંદન પણ પાઠવ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ગાંધીનગરની જીત અંગે જણાવ્યું હતું કે, કોરોના ઉપરાંત સામાન્ય સ્થિતિમાં પણ લોકો સાથે ભાજપના કાર્યકર્તાઓએ સંપર્ક જાળવી રાખ્યો અને જનતાની નાની-મોટી તકલીફમાં તેની સાથે રહ્યા. જેના કારણે ગાંધીનગર સહિત ગુજરાતની બીજી ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ગાંધીનગર મ્યુ. કોર્પોરેશનમાં ગઈ વખતે ભાજપ પાસે ૧૭ અને કોંગ્રેસ પાસે ૧૫ બેઠકો હતી. જેની સામે આજે ભાજપ ૪૧ બેઠકો જીતી છે, અને કોંગ્રેસને માત્ર બે બેઠક મળી છે. પાટીલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ત્રીજી પાર્ટી માટે કોઈ જગ્યા નથી. ગુજરાતના શાણા મતદારો કયા પક્ષને મત આપવાથી જળવાશે તે સારી રીતે સમજે છે, અને તે રીતે જ મતદાન પણ કરે છે. આમ આદમી પાર્ટીનું નામ લીધા વિના પાટીલે કહ્યું હતું કે, જેઓ ખૂબ ગાજ્યા હતા પરંતુ વરસ્યા નહીં તેમને એક જ સીટ મળી છે. પાટીલે આમ આદમી પાર્ટી પર નિશાન તાકતા જણાવ્યું હતું કે તેમણે ગુજરાતની જે પણ ટિકિટ બુક કરાવી હોય તે રદ કરાવી દેવી જોઈએ કારણકે ગુજરાતની પ્રજાએ તેમને રિજેક્ટ કર્યા છે. પાટીલે જણાવ્યું હતું કે ગાંધીનગરની ચૂંટણીનું ઐતિહાસિક પરિણામ સાબિત કરે છે કે ગુજરાતના મતદારો પીએમ મોદીમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે અને તેમણે વિકાસ માટે મત આપ્યો છે.




### રાજ્યમાં ત્રીજા પક્ષની જગ્યા ન હોવાનો પાટીલનો દાવો

# ભાજપે ૪૬.૨૮ ટકા મત મેળવી સૌથી મોટા પક્ષ તરીકેનું સ્થાન મેળવ્યુ

**ભારતીય જનતા પક્ષે કોંગ્રેસના ગઢને ધરાશયી કર્યો છે એટલુ જ નહિ તેની વોર્ડ નં. ૪, ૬ ની બેઠકો આંચકી લીધી છે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જંગના પરિણામો આજે જાહેર થયા છે. ભાજપ ૪૬.૨૮ ટકા મત મેળવી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ૩/૪ કરતાં પણ વધુ બેઠકો પર વિજય મેળવી એક નવો વિક્રમ ગાંધીનગર મનપાના જંગમાં સ્થાપિત કર્યો છે.

કોંગ્રેસ પક્ષને ૨૮.૦૨ ટકા મત મળ્યા છે અને માત્ર બે બેઠકો પર તેનો વિજય થયો છે. આ ચૂંટણીમાં પહેલીવાર ઝંપલાવનાર આમ આદમી પાર્ટીએ ૨૧.૭૭ ટકા મત મેળવી અને એક બેઠક પર વિજય પ્રાપ્ત કર્યો છે.

ગાંધીનગર મનપાના આ ચૂંટણી જંગમાં ભાજપની પેનલો માત્ર વોર્ડ નં. ૨, ૩ અને ૬ માં જ ખંડિત થઈ છે બાકી ૮ વોર્ડમાં તેની પેનલો વિજયી થઈ છે. જે પણ એક ઐતિહાસિક ઘટના છે.

ગાંધીનગરના આ જંગમાં ૩ વોર્ડમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો બીજા ક્રમે રહ્યા હતા. કોંગ્રેસ માટે આજે સૌથી વધુ નિરાશાજનક રહ્યો છે. કોંગ્રેસે તેની પરંપરાગત ગણાતી બેઠકો ગુમાવી છે. કોંગ્રેસે ઘણી બધી બેઠકો એક હજાર કરતાં પણ વધુ મતોએ ગુમાવી છે.

ભારતીય જનતા પક્ષે કોંગ્રેસના ગઢને ધરાશયી કર્યો છે એટલુ જ નહિ તેની વોર્ડ નં. ૪, ૬ ની બેઠકો આંચકી લીધી છે. ભાજપે ગાંધીનગરના વિકાસને આગળ ધપાવવા સાથે વર્લ્ડ ક્લાસ પાટનગર બનાવવાના સંકલ્પને પણ દોહરાવ્યો છે.

# ભાજપનો ભવ્ય વિજય એ વિકાસની રાજનીતિની સ્વીકૃતિ છે : ચુડાસમા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપને જે જનમત મળ્યો છે તે ઐતિહાસિક છે અને તે માટે ગાંધીનગરની જનતાને હું બિરદાવુ છુ. વિકાસની રાજનીતિને જે રીતે જનતા જનાર્દને સ્વીકૃતિ આપી છે તે પાટનગરના વિકાસમાં ભાજપ કોઈ જ કચાશ રાખશે નહિ તેમ ચૂંટણી ઈન્ચાર્જ અને પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ છે.

જનતાનો આભાર માનતાં તેમણે કહ્યુ હતુ કે સંકલ્પપત્રમાં કહેલી વાતો અમે પરિપૂર્ણ કરીશુ. આ નગરને એક આગવી ઓળખ આપવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો જે સંકલ્પ છે તે સાકાર કરવામાં આવશે. આ નગરોના સર્કલોને વિકસાવ્યા બાદ શહેરમાં ભાજપ શાસને જે મહત્વના લોકહિતના નિર્ણયો કર્યા છે તેને પણ આપ સૌના મતદાનથી સ્વીકૃતિ મળી છે.

અત્યંત ખુશીનો માહોલ આજે શહેરમાં છે. તેમણે કહ્યુ કે ભાજપે ૩/૪ કરતાં પણ વધુ બેઠકો મેળવી પ્રચંડ જનમત મેળવ્યો છે એટલુ જ નહિ લોકશાહી પર્વની શાંતિપૂર્વક ઉજવણી અને આટલો સ્પષ્ટ જનાદેશ આપવા માટે શહેરના મતદારોનો હું આભાર માનુ છુ. તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગરને 'વર્લ્ડક્લાસ લીવેબલ અને લવેબલ નગર'' તરીકેની ઓળખ સાથે હરિયાળુ, રમણીય નગર બનાવવાની નેમને અમે સાકાર કરીશુ.

# કયા વોર્ડમાં કયા પક્ષને કેટલા મત મળ્યા અને કેટલા ટકા મળ્યા...

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાના આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૨,૬૪,૯૦૨ મત મેળવી ૪૧ બેઠકો પ્રાપ્ત કરી છે.

આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપને સૌથી વધુ મત વોર્ડ નં. ૧૦માં મળ્યા છે. જે ૩૪,૨૪૫ છે. વોર્ડ નં. ૧ માં ૧૯,૪૭૦, વોર્ડ નં. ૨ માં ૨૪,૬૫૨, વોર્ડ નં. ૩ માં ૧૬,૬૦૫, વોર્ડ નં. ૪ માં ૨૪૦૩૬, વોર્ડ નં. ૫ માં ૧૮,૮૧૦, વોર્ડ નં. ૬ માં ૧૬,૦૯૪, વોર્ડ નં. ૭ માં ૨૫,૦૩૫, વોર્ડ નં. ૮ માં ૨૮,૦૮૩, વોર્ડ નં. ૯ માં ૩૦,૨૯૮, વોર્ડ નં. ૧૦ માં ૩૪,૨૪૫, વોર્ડ નં. ૧૧ માં ૨૭,૫૭૪ મત મેળવ્યા છે.

કોંગ્રેસ પક્ષને આ જંગમાં ૧,૫૯,૮૩૫ મત મળ્યા છે. સૌથી વધુ મત વોર્ડ નં. ૧૧ માં ૨૩૦૧૯ મત મળ્યા છે. વોર્ડ નં. ૧ માં ૮૯૭૪, વોર્ડ નં. ૨ માં ૨૦,૪૦૧, વોર્ડ નં. ૩ માં ૧૫,૯૫૭, વોર્ડ નં. ૪ માં ૨૦,૨૮૬, વોર્ડ નં. ૫ માં ૮૩૨૦, વોર્ડ નં. ૬ માં ૧૧,૯૯૨, વોર્ડ નં. ૭ માં ૧૮૦૪૫, વોર્ડ નં. ૮ માં ૧૩,૫૧૫, વોર્ડ નં. ૯ માં ૧૨,૩૫૭, વોર્ડ નં. ૧૦ માં ૬૯૬૯ અને વોર્ડ નં. ૧૧માં ૨૩૦૧૯ મત મળ્યા છે.

આમ આદમી પાર્ટીને ૧,૨૪,૦૫૪ મત મળ્યા છે. વોર્ડ નં. ૧ માં ૮૩૪૭, વોર્ડ નં. ૨ માં ૬૨૦૩, વોર્ડ નં. ૩ માં ૮૬૨૫, વોર્ડ નં. ૪ માં ૧૧૦૯૫, વોર્ડ નં. ૫ માં ૪૦૫૪, વોર્ડ નં. ૬ માં ૧૪૦૫૩, વોર્ડ નં. ૭ માં ૯૨૦૯, વોર્ડ નં. ૮ માં ૧૫,૪૨૩, વોર્ડ નં. ૯ માં ૧૯,૬૦૭, વોર્ડ નં. ૧૦ માં ૧૬૩૫૦ અને વોર્ડ નં. ૧૧ માં ૧૧૦૮૮ મત મળ્યા છે.

**ગાંધીનગર મહાનગરપાલિકાના કયા વોર્ડમાં કયા પક્ષને કેટલા ટકા મત મળ્યા**

| | | |
|---|---|---|
| **વોર્ડ નં. ૧** | | |
| | ભાજપ | ૪૩ ટકા |
| | કોંગ્રેસ | ૧૫ ટકા |
| | આપ પાર્ટી | ૧૮ ટકા |
| **વોર્ડ નં. ૨** | | |
| | ભાજપ | ૪૭ ટકા |
| | કોંગ્રેસ | ૩૯ ટકા |
| | આપ પાર્ટી | ૧૨ ટકા |
| **વોર્ડ નં. ૩** | | |
| | ભાજપ | ૩૯.૪૫ ટકા |
| | કોંગ્રેસ | ૩૭.૯૩ ટકા |
| | આપ પાર્ટી | ૨૦.૫૦ ટકા |
| **વોર્ડ નં. ૪** | | |
| | ભાજપ | ૪૨ ટકા |
| | કોંગ્રેસ | ૩૫ ટકા |
| | આપ પાર્ટી | ૧૯ ટકા |
| **વોર્ડ નં. ૫** | | |
| | ભાજપ | ૫૯.૬૮ ટકા |
| | કોંગ્રેસ | ૨૬.૪૦ ટકા |
| | આપ પાર્ટી | ૧૨.૮૬ ટકા |
| **વોર્ડ નં. ૬** | | |
| | ભાજપ | ૩૬.૫૮ ટકા |
| | કોંગ્રેસ | ૨૭.૨૫ ટકા |
| | આપ પાર્ટી | ૩૧.૯૪ ટકા |
| **વોર્ડ નં. ૭** | | |
| | ભાજપ | ૪૭ ટકા |
| | કોંગ્રેસ | ૩૪ ટકા |
| | આપ પાર્ટી | ૧૭ ટકા |
| **વોર્ડ નં. ૮** | | |
| | ભાજપ | ૪૬ ટકા |
| | કોંગ્રેસ | ૨૨ ટકા |
| | આપ પાર્ટી | ૧૯ ટકા |
| **વોર્ડ નં. ૯** | | |
| | ભાજપ | ૪૮ ટકા |
| | કોંગ્રેસ | ૧૯ ટકા |
| | આપ પાર્ટી | ૩૧ ટકા |
| **વોર્ડ નં. ૧૦** | | |
| | ભાજપ | ૫૮ ટકા |
| | આપ પાર્ટી | ૨૮ ટકા |
| | કોંગ્રેસ | ૧૨ ટકા |
| **વોર્ડ નં. ૧૧** | | |
| | ભાજપ | ૪૪ ટકા |
| | કોંગ્રેસ | ૩૬ ટકા |
| | આપ પાર્ટી | ૧૮ ટકા |

# ૧૨૭૮ મતદારોએ નોટાનો વિકલ્પ સ્વીકાર્યો

ગાંધીનગર મહાનગરપાલિકાના આજે જાહેર થયેલ પરિણામોમાં ૧૨૭૮ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. સૌથી વધુ વોર્ડ નં. ૪ માં ૧૬૮ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો.

આજે જાહેર થયેલા પરિણામોમાં સાત વોર્ડનં ૧૦૦ થી વધુ મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો હતો. વોર્ડ નં. ૧ માં ૭૨, વોર્ડ નં. ૨ માં ૧૨૨, વોર્ડ નં. ૩ માં ૮૩, વોર્ડ નં. ૪ માં ૧૬૮, વોર્ડ નં. ૫ માં ૭૯, વોર્ડ નં. ૬ માં ૮૭, વોર્ડ નં. ૭ માં ૧૦૫, વોર્ડ નં. ૮ માં ૧૩૬, વોર્ડ નં. ૯ માં ૧૫૨, વોર્ડ નં. ૧૦ માં ૧૪૦ અને વોર્ડ નં. ૧૧ માં ૧૩૪ મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો હતો.






# આવતીકાલે પાનસર આવતા અમીત શાહ

**મનપાના વિજયને વધાવી મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ અને કર્મઠ કાર્યકર્તાઓને બિરદાવ્યા**

ગાંધીનગર, તા. ૫

કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહ ૭મી ઓક્ટો.ના રોજ ગાંધીનગર આવી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી કલોલ તાલુકાના પાનસર ગામે વિકાસ કામોના લોકાર્પણ સમારોહમાં હાજરી આપનાર છે. તેમના આ પ્રવાસને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.તેઓ આ દિવસે જિલ્લાના અધિકારીઓ સાથે પણ વિકાસના કામો તેમજ દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત થયેલી કામગીરીની પ્રગતિની પણ સમીક્ષા કરશે. આ સમીક્ષા બેઠકને લઈ તંત્ર દ્વારા પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

તેઓ ગાંધીનગર પણ આવે તેવી સંભાવનાઓ છે અને કાર્યકરોને અભિનંદન આપતી બેઠક કરે તેવી સંભાવનાઓ છે.

જો કે આજે તેમણે ટ્વીટ કરી ગાંધીનગર મહાનગરપાલિકામાં પક્ષના ભવ્ય વિજયને વધાવ્યો છે. તેમણે આ ટ્વીટમાં ઐતહાસિક જીત માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ તેમજ કર્મઠ કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા છે. તેમણે લખ્યુ છે કે 'મને વિશ્વાસ છે કે મોદીજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર રાજ્યના ગરીબ, પછાત અને વંચિત વર્ગના કલ્યાણ અને વિકાસ માટે આ રીતે સતત કાર્ય કરતી રહેશે.

### ટેલીફોનીક બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **પ્રફુલ્લભાઈ જટાશંકર જોષી (નિવૃત કાર્યપાલક ઈજનેર-સિચાંઈ)** નું તા.૩-૧૦-૨૦૨૧ને રવિવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્દગતનું ટેલીફોનીક બેસણું તા.૭-૧૦-૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** રાખેલ છે

**શૈલજાબેન પી. જોષી (પત્ની) - મો.૯૯૯૮૨ ૨૦૩૧૩**
**પારૂલ બી. દવે (પુત્રી) - મો.૯૮૭૯૭ ૨૫૨૪૦**
**ડો.હેમા પી. જોષી (પુત્રી)**
**(ગાંધીનગર મ્યુ.કોર્પોરેશન) - મો.૯૯૭૮૮ ૯૭૦૪૧**
**જ્વલંત પી. જોષી (પુત્ર) - મો.૮૫૧૧૧ ૨૯૦૯૯**






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com